# લાઈટ યુટિલિટી હેલિકોપ્ટરનું ટેન્ડર રદ

**૬૦૦૦ કરોડનું ટેન્ડર આખરે રદ : ભારતીય સશસ્ત્રદળોને વધુ આધુનિક અને તાકાતવર બનાવવાના મોદીના વચનને પૂર્ણ કરવાની દિશામાં પગલું : સંરક્ષણ મંત્રાલય દ્વારા શ્રેણીબદ્ધ દરખાસ્તને મંજુરી અપાઈ : જેટલીની હાજરીમાં મહત્વની બેઠક**



નવીદિલ્હી, તા. ૨૯

સંરક્ષણ મંત્રાલયે ૧૯૭ લાઈટ યુટિલિટી હેલિકોપ્ટર સોદાબાજી માટે ૬૦૦૦ કરોડના ટેન્ડરને રદ કરી દેતા રાજકીય વર્તુળોમાં આની ભારે ચર્ચા રહી છે. સીબીઆઈ તપાસ સમગ્ર મામલામાં ચાલી રહી છે જેથી આ પ્રક્રિયાને રદ કરવામાં આવી છે. સંરક્ષણ મંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. નરેન્દ્ર મોદી સરકાર સંરક્ષણ ક્ષેત્રને અપગ્રેડ કરવાના પોતાના ચૂંટણી વચનની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે. સશસ્ત્ર દળોની જરૂરિયાતોને પૂર્ણ કરવાની દિશામાં પગલા લેવામાં આવી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં એનડીએ સરકારે મિડલાઈફ અપગ્રેડ સબમરીન સહિત અન્યોની ખરીદી માટે ૧૭૫૦૦ કરોડની દરખાસ્તને લીલીઝંડી આપી હતી. અરુણ જેટલીએ અન્ય કેટલીક જાહેરાતો પણ કરી હતી. સરકારે ૬૬૦૦ કરોડની કિંમતમાં ૧૧૮ અર્જુન એમકે-૨ ટેન્કની પ્રાપ્તિ અને ૪૮૦૦ કરોડમાં સબમરીનના અપગ્રેડેશનની દરખાસ્તને મંજુરી આપી હતી. ૧૯૭ હેલિકોપ્ટરો મેળવવા માટેના ટેન્ડરને રદ કરવાનો નિર્ણય કરાયો હતો. એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે, ભારતીય ઈન્ડસ્ટ્રીને સશસ્ત્ર દળોની જરૂરિયાત માટે આવા ૪૦૦ હેલિકોપ્ટરો બનાવવાની તક આપવામાં આવશે. એનડીએ સરકાર સ્વદેશી ઉદ્યોગના વિકાસની મહત્વકાંક્ષી યોજના ધરાવે છે. સરકારના આ નિર્ણયથી સંરક્ષણ ક્ષેત્રમાં સ્થાનિક ઉદ્યોગ માટે ૪૦૦૦૦૦ કરોડનો નવો કારોબાર ઉભો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સાત વર્ષમાં બીજી વખત એવા ટેન્ડર રદ કરવામાં આવ્યા છે જેમાં યુરોપિયન યુરોકોપ્ટર અને રશિયન કામોવ સ્પર્ધામાં હતા. છેલ્લા બે વર્ષથી સીબીઆઈની તપાસ ચાલી રહી છે.

સીબીઆઈની તપાસનો આદેશ ઓગસ્ટાવેસ્ટલેન્ડ હેલિકોપ્ટર કૌભાંડમાં આક્ષેપોના અનુસંધાનમાં આપવામાં આવ્યો હતો. બ્રિગેડિયરે ઓન્ગ્લો ઈટાલિયન કંપની પાસેથી ૩૦૦ કરોડની લાંચ માંગી હતી. લાઈટ હેલિકોપ્ટર સોદાબાજીમાં તેને મદદ કરવાના બદલામાં ૩૦ કરોડ રૂપિયાની લાંચની માંગ કરવામાં આવી હતી. ઓગસ્ટાવેસ્ટલેન્ડની સોદાબાજીના પ્રથમ રાઉન્ડમાં બાદબાકી કરી દેવામાં આવી હતી. ડીએસીએ ૪૦ અર્જુન ટેન્ક ક્લાસિસ આધારિત સિસ્ટમની ખરીદી માટેની દરખાસ્તને મંજુરી આપી હતી. આ ૮૨૦ કરોડની દરખાસ્ત છે. તેજપુર સ્થિત ચાર કોર્પ્સ, દિમાપુર સ્થિત કોર્પ્સ અને લેહ સ્થિત ૧૪ કોર્પ્સ હેઠળ ચીની સરહદ ઉપર તૈનાત સેના માટે ડેડિકેટેડ મોબાઈલ કોમ્યુનિકેશન સિસ્ટમ સ્થાપિત કરવાને પણ મંજુરી આપવામાં આવી છે. આ બેઠકમાં ૧૬ મલ્ટીરોલ હેલિકોપ્ટરો મેળવવા માટે ટેન્ડરના બિડ ખોલવા નૌકાસેનાને મંજુરી આપી હતી. આ સમજૂતિમાં એક અમેરિકન અને બે યુરોપિયન કંપની મેદાનમાં છે. આ બેઠકમાં ઈઝરાયેલી સ્પાઈક એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ મેળવવા ૧૫૦૦૦ કરોડની સેનાની દરખાસ્ત અંગે નિર્ણય મોકૂફ કરવામાં આવ્યો હતો.

# પાકિસ્તાનથી ભારતમાં ત્રાસવાદી ઘુસ્યાના અહેવાલ

**તહેવારની સિઝનમાં કોઇ મોટા હુમલાને અંજામ આપવાનો હેતુ : રાજસ્થાન એટીએસ દ્વારા ચેતવણી જારી અપાયા બાદ તમામ જગ્યાઓ પર સુરક્ષા મજબૂત : એલર્ટની જાહેરાત : ત્રાસવાદીઓ બોંબ બનાવવામાં નિષ્ણાત**

નવી દિલ્હી,તા. ૨૯

ભારતમાં આતંક મચાવવાના ઈરાદાથી પાકિસ્તાનમાંથી ૧૫થી વધુ આતંકવાદીઓ ભારતમાં ઘુસણખોરી કરવામાં સફળ રહ્યા હોવાના ચોંકાવનારા અહેવાલ મળ્યા છે. આ આતંકવાદી રાજસ્થાનની સરહદથી દેશમાં ઘુસી ગયા હોવાના અહેવાલ મળ્યા છે. બોંબ બનાવવા અને હથિયાર ચલાવવામાં ત્રાસવાદીઓ ખુબ જ કુશળ હોવાનું પણ જાણવા મળ્યું છે. જેથી મોટા હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે.

તહેવારની સિઝનની જોરદાર શરૂઆત થઈ ચુકી છે ત્યારે આ સમાચાર ખુબ જ ચિંતા ઉપજાવે તેવા છે. ત્રાસવાદીઓ આત્મઘાતી હુમલાઓ પણ કરી શકે છે. રાજસ્થાન એટીએસે ગુપ્ત સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી બાદ આઈજીને પત્ર લખીને આ અંગેની માહિતી આપી છે. આ પત્રમાં આતંકવાદીઓની ઘુસણખોરીની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ પત્રમાં ત્રાસવાદીઓની ઘુસણખોરીની સાથે સાથે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા અને જુદા જુદા સ્થળો ઉપર સુરક્ષા વધારવાનું સૂચન પણ કરવામાં આવ્યું છે. ૨૮મી ઓગસ્ટના દિવસે મોકલવામાં આવેલા આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે, દેશમાં ૧૫ ત્રાસવાદીઓ ઘુસણખોરી કરી ગયા છે. એકે ૪૭ ચલાવવા અને બોંબ બનાવવામાં કુશળતા ધરાવનાર આ ત્રાસવાદીઓ ઘાતક સાબિત થઈ શકે છે. એટીએસ સૂત્રોના જણાવ્યા મુજબ આ ત્રાસવાદીઓ ખતરનાક ઈરાદા ધરાવે છે. આ ત્રાસવાદીઓને જેકેટ બોંબ તૈયાર કરવા અને તેની સાથે સાથે વાહનોમાં બોંબ લગાવીને ખતરનાક બ્લાસ્ટ કરવાની ટ્રેનિંગ આપવામાં આવી છે. આ ત્રાસવાદી ટ્રક, બસ અથવા કારમાં વિસ્ફોટક મુકીને બ્લાસ્ટ કરી શકે છે.

આ ત્રાસવાદી રાજસ્થાનથી ભારતમાં ઘુસ્યા હોવાની શંકા છે પરંતુ ભારતમાં પ્રવેશ કરવા માટે અન્ય કોઈ રસ્તાનો ઉપયોગ કર્યો હોય તેમ પણ શક્ય છે. હુમલાની શંકાને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની ભલામણ કરવામાં આવી છે. ત્રાસવાદીઓની ઘુસણખોરીના અહેવાલ બાદ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે.

## સંરક્ષણ ક્ષેત્રે લેવામાં આવેલ મહત્વના નિર્ણય

- સંરક્ષણ મંત્રાલય દ્વારા સેનાને આધુનિક કરવાની દિશામાં પગલા
- લાઈટ યુટિલિટી હેલિકોપ્ટર માટે ૬૦૦૦ કરોડના ટેન્ડર રદ
- ૧૯૭ હેલિકોપ્ટર મેળવવા માટે ટેન્ડરને પરત ખેંચવાના નિર્ણયની ફેરચકાસણી થશે
- ભારતીય ઉદ્યોગ સશસ્ત્ર દળોની જરૂરિયાત માટે ૪૦૦ હેલિકોપ્ટરો બનાવશે
- ૮૨૦ કરોડમાં ૪૦ અર્જુન ટેન્ક ક્લાસિસ ખરીદવાને મંજુરી
- ચીન સાથેની સરહદ ઉપર સેનાના જવાનો માટે ડેડિકેટેડ મોબાઈલ કોમ્યુનિકેશન સિસ્ટમ સ્થાપિત કરવાની દરખાસ્તને મંજુરી
- ૧૬ મલ્ટીરોલ હેલિકોપ્ટર મેળવવા માટે ટેન્ડરના બિડ ખોલવા નૌકાસેનાને મંજુરી
- બેઠકમાં ઈઝરાયેલી સ્પાઈક એન્ટી ટેન્ક મિસાઈલો મેળવવા માટે ૧૫૦૦૦ કરોડની સેનાની દરખાસ્ત અંગે નિર્ણય મોકૂફ

## ઓગષ્ટમાં ઓછા વરસાદથી આ વર્ષે હવે દુષ્કાળનો ખતરો

### આગામી બે દિવસ પર તમામ બાબતો આધારિત

નવી દિલ્હી,તા. ૨૯

દેશના મોટા ભાગના વિસ્તારોમાં ઓગષ્ટમાં ખુબ ઓછો વરસાદ થયો છે. જેના કારણે આ વર્ષે હવે દુષ્કાળનો ખતરો વધી ગયો છે. જો કે હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે આગામી દિવસોમાં મોનસુનની સ્થિતીમાં સુધારો થશે. આગામી પખવાડિયામાં જુદા જુદા ક્ષેત્રોમાં વરસાદ ખુબ ઉપયોગી રહેશે. ઓગષ્ટ મહિનાના બાકી રહેલા બે દિવસ મોનસુનની સ્થિતી માટે ખુબ ઉપયોગી રહેશે. આગામી બે દિવસ ખુબ ઉપયોગી રહેશે. આના આધાર પર હવામાન વિભાગ દેશમાં દુષ્કાળની સ્થિતી મામલે આગાહી કરશે. ગુરૂવાર સુધી અંદાજ કરતા ૧૮ ટકા ઓછો વરસાદ રહ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ જો અંદાજ કરતા ૧૦ ટકા આછો વરસાદ અને ૨૦તી ૪૦ ટકા હિસ્સામાં દુષ્કાળની સ્થિતી રહે તો આ આધાર પર દેશભરમાં દુષ્કાળની જાહેરાત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૪ને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે કે કેમ તે અંગેની બાબત હવે મોનસુનની છેલ્લા કેટલાક દિવસમાં સ્થિતી પર આધારિત રહેશે. હવામાન વિભાગના પુણેના વડા ડી શિવાનંદે કહ્યું છે કે મધ્ય ભારતમાં મોનસુનમાં સુધારની સ્થિતી નજેર પડી રહી છે. પરંતુ ઉત્તર પશ્ચિમ વિસ્તારોમાં સ્થિતી હજુ પણ નિરાશાજનક છે.

આ દ્રષ્ટિએ પંજાબ, હરિયાણા અને પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં દુષ્કાળનો ખતરો તોળાઈ રહ્યો છે. મોદી સરકાર માટે આ નિરાશાજનક બાબત છે. કારણ કે મોંઘવારી પહેલાથી આસમાને છે. જીવન જરૂરી ચીજવસ્તુઓની કિંમત સતત વધી રહી છે ત્યારે સ્થિતીને કાબુમાં લેવા માટે પગલા લેવામા આવી રહ્યા છે. મોદી સરકારે પગલા લીધા હોવા છતાં સામાન્ય લોકો મોંઘવારીના કારણે પરેશાન છે. આવી સ્થિતીમાં દુષ્કાળનો ખતરો વધુ ચિંતા ઉપજાવે છે.

# દેશભરમાં ગણેશ ઉત્સવનો આરંભ

**આગામી ૧૦ દિવસ સુધી ઉત્સાહ-ઉજવણી : મુંબઇ સહિત મહારાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવને લઇને સૌથી વધુ ઉત્સાહ : તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવાયા**

નવી દિલ્હી,તા. ૨૯

દેશભરમાં આજથી ગણેશ ઉત્સવની વિધીવતરીતે શરૂઆત થઈ હતી. ગણેશ ઉત્સવની શરૂઆત થયા બાદ દેશભરમાં શ્રદ્ધાળુઓ ભારે ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. હવે આગામી ૧૦ દિવસ સુધી ગણપતિ ઉત્સવની ધુમ જોવા મળશે. મહારાષ્ટ્રમાં ખાસ તૈયારી કરવામાં આવી છે. દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ચારે બાજુ મંડપ સજી ગયા છે. હવે ૧૦ દિવસ સુધી ગણેશ ભગવાનની આરતી થસે. દેશભરના ગણેશ મંદિરો સહિત ગણેશ ઉત્સવના પ્રસંગે મુંબઈના વિશ્વપ્રસિદ્ધ સિદ્ધી વિનાયક મંદિરમાં સવારથી લોકોની ભીડ જામી હતી. બીજી બાજુ મુંબઈ અને પુણેના લાલબાગના રાજાને ત્યા પણ સવારથી ભીડ જામી હતી. ગણેશ ઉત્સવ માટે મુંબઈના કુર્લામાં બરફના ગણેશની મુર્તિ બનાવવામાં આવી છે. આ મુર્તિ પાંચ ફુટ ઉંચી છે. બીજી બાજુ હૈદરાબાદમાં દેશની



સૌથી ઉંચી ગણેશ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ મુર્તિ ૬૦ ફુટુંચી છે. ૬૦ ફુટ ઉંચા ગણપતિ બપ્પાને જોવા માટે લોકો ઉમટી રહ્યા છે. ખૈરતાબાદ ગણેશ ઉત્સવ કમિટી દ્વારા આ મુર્તિ બનાવવામાં આવી છે. આ મુર્તિ દેશની સૌથી ઉંચી મુર્તિ હોવાના અહેવાલ મળી રહ્યા છે. આ મુર્તિ ત્રણ મહિનામાં તૈયાર કરવામાં આવી છે. આ મુર્તિને બનાવવા માટે ૨૦૦ કારીગરો લાગેલા હતા. રાષ્ટ્રપિત, ઉપરાષ્ટ્રપતિ, લોકસભાના અધ્યક્ષ અને વડાપ્રધાને ગણેશ ઉત્સવના પ્રસંગે લોકોને શુભેચ્છા પાઠવી છે. ભારતના વિકાસ આડે આવી રહેલી તમામ અડચણોને ગણેશ ભગવાન દુર કરશે તેવી પ્રાર્થના કરી છે. દેશવાસીઓને પોતાની શુભેચ્છા આપતા રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ કહ્યું છે કે બુદ્ધી, સમૃદ્ધિ અને સૌભાગ્યના પ્રતિક ગણેશની અમારા પર કૃપા રહે તેમ અમારી પ્રાર્થના છે. દરમિયાન લોકસભાના અધ્યક્ષ સમુત્રિ મહાજને પોતાના સંદેશમાં કહ્યું છે કે, મહાન માનવીય મુલ્યો માટે પોતાને સમર્પિત કરીને દેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતની ઉજવણી કરે તે જરૂરી છે. ઉપરાષ્ટ્રપતિ હમીદ અંસારીએ આશા વ્યક્ત કરી ાછે કે, ભગવાન ગણેશના આશીર્વાદથી ભારતને શાંતિપૂર્ણ, સમૃદ્ધ દેશના રૂપમાં ઉભરી આવવામાં મદદ મળશે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આવી જ પ્રતિક્રિયા આપી છે.

## સમાચાર ઝલક

- રાજયભરમાં ગણેશોત્સવની ઉજવણી પર્યાવરણ પ્રેમીઓએ વિવિધ પ્રકારના ગણેશ બનાવ્યા.
- મણીપુરમાં બોંબ વિસ્ફોટથી બે જવાનો આસામ રાયફલમાં શહીદ થયા.
- મણીપુરના રાજ્યપાલ શ્રી દુગ્ગલે રાજીનામુ આપતા કુલ-૧૧ રાજ્યપાલોએ રાજીનામા આપ્યા.
- સીરીયામાં ૨૦૦ સૈનિકોના મોત થયા, હજુ પણ આતંકવાદીઓના હુમલાઓ.
- સિદ્ધપુર હાઈવે પરથી ૪ વ્યક્તિઓનું અપહરણ બાદ છુટકારો થયો.
- વડોદરાના ગોરવા વિસ્તારમાં લુટારૂને પકડવા પોલીસે ગોળીબાર કર્યો.
- મુંબઈમાં ગણેશ મહોત્સવ પ્રસંગે કડક સુરક્ષા બંદોબસ્ત ગણેશ મંડપોમાં સી.સી.ટી.વી. ફરજિયાત.
- અમદાવાદ ખેત ઉત્પાદન સમિતિએ ૫૧ સોંઘવારી રથ ફરતા મુક્યા.
- ભોપાલની કોલેજમાં ફરીથી રેગિંગ મામલો ગંભીર બન્યો.
- ગુજરાતના ટુરીઝમ એમ્બેસેડર ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચનને દૂર કરાશે.
- અમદાવાદમાં ગણેશ મૂર્તિ બનાવનાર શિલ્પીઓને ધંધામાં ભારે મંદી રહી.
- ચીનમાં ભુસ્ખલનમાં ૨૦ થી વધુ મોત થયા.
- લગ્ન અગાઉ શારીરિક ટેસ્ટ કરાવવાથી છુટાછેડાની સંખ્યા ઓછી થશે.
- ગુજરાતમાં હવાઈ-જળમાર્ગે એમ્બ્યુલન્સ શરૂ થશે.
- રાષ્ટ્રીય ખેલ દિવસ ઉજવાયો. રમતવીરોને પુરસ્કાર અપાયા.
- રાજસ્થાનની સરહદેથી ૧૫ આતંકવાદીઓ દેશમાં ઘુસ્યા હોવાનો ગુપ્તચરનો અહેવાલ.
- મધ્યપ્રદેશમાં આઈએએસ જોષી દંપતિની વધુ આવક માટે ધરપકડ કરાઈ.
- વાહનો પર લગાવતી હોદ્દા પ્લેટો તથા લાઈટો વિષે હાઈકોર્ટ નામ સાથેની માહિતી માગતાં તંત્ર હરકતમાં.
- કુવૈતમાં ૨૫ ભારતીયો ફસાયા.
- છેલ્લા ૪૫ વર્ષમાં મોતીયાના દર્દીઓની સંખ્યામાં ૪ ગણો વધારો.

## ભાજપ મુખ્યપ્રધાન પદના કોઈ ઉમેદવારની જાહેરાત નહીં કરે

**હરિયાણામાં એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય : નરેન્દ્ર મોદીની લહેર, હૂડા સરકારની સામે શાસન વિરોધી પરિબળના આધારે ચૂંટણીમાં શાનદાર જીતનો મુખ્ય હેતુ**

નવીદિલ્હી, તા. ૨૯

હરિયાણાના જનહિત કોંગ્રેસ પાર્ટી સાથે છેડો ફાડી લેવામાં આવ્યા બાદ ભાજપ હરિયાણામાં એકલા હાથે વિધાનસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. ભાજપે નવી રણનીતિ તૈયાર કરી લીધી છે. હરિયાણામાં બહુમતિ હાંસલ કરવાના હેતુસર ફરી એકવાર ભાજપ નરેન્દ્ર મોદીની લહેર ઉપર જ મુખ્યરીતે આધાર રાખશે. સાથે સાથે હૂડા સરકાર સામે શાસનવિરોધી પરિબળનો લાભ ઉઠાવવામાં આવે તેવી શક્યતા છે. ભાજપ દ્વારા હરિયાણામાં ચૂંટણીમાં મુખ્યમંત્રી પદના ઉમેદવારની જાહેરાત કરશે નહીં. ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ જ મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે નિર્ણય લેવામાં આવશે. ભાજપના વરિષ્ઠ સભ્યોનું કહેવું છે કે, ભાજપની અંદર મુખ્યમંત્રી પદમાં શ્રેણીબદ્ધ દાવેદારો રહેલા છે. આજકારણસર મુખ્યમંત્રી પદના ઉમેદવારનું નામ જાહેર કરવામાં આવશે નહીં. ભાજપમાં મુખ્યમંત્રી પદના હોદ્દા માટે જે લોકો દાવેદાર છે તેમાં વિરેન્દ્રસિંહ, કેપ્ટન અભિમન્યુ અને રાવ ઈન્દ્રજીતસિંહનો સમાવેશ થાય છે. ભાજપ અને હરિયાણા જનહિત કોંગ્રેસ વચ્ચે છેલ્લા ઘણા સમયથી ખેંચતાણની સ્થિતિ હતી. ભાજપના સૂત્રોનું કહેવું છે કે, હરિયાણા જનહિત કોંગ્રેસ દ્વારા ૯૦ વિધાનસભા બેઠક પૈકી ૪૫ બેઠકોની માંગ કરવામાં આવી હતી. સાથે સાથે મુખ્યમંત્રી પદના હોદ્દાની પણ માંગ કરવામાં આવી હતી.

આ દરખાસ્ત ભાજપે ફગાવી દીધી હતી. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કુલદીપ બિશ્નોઈના નેતૃત્વમાં હરિયાણા જનહિત કોંગ્રેસનો દેખાવ ખુબ જ કંગાળ રહ્યો હતો. તેના નિરાશાજનક દેખાવના લીધે ભાજપે વધુ બેઠકો આપવાનો ઈન્કાર કર્યો હતો જેના પરિણામ સ્વરુપે બંને પક્ષો વચ્ચે મતભેદોની સ્થિતિ સર્જાઈ હતી. આખરે ભાજપ અને હરિયાણા જનહિત કોંગ્રેસ અલગ થયા છે.

## ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે આજે ત્રીજી વન ડે રોમાંચક બનશે

નોટિંગ્હામ,તા. ૨૯

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલે વન ડે શ્રેણીની ત્રીજી વન ડે મેચ રમાનાર છે. ટેસ્ટ શ્રેણી ખરાબ રીતે ગુમાવી દીધા બાદ વન ડે મેચમાં ઈંગ્લેન્ડ પર જીત મેળવ્યા બાદ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓનો નૈતિક જુસ્સો વધી ગયો છે. જો કે વિરાટ કોહલીના ફોર્મને લઈને ટીમ ઈન્ડિયા છાવણી ચિંતાતુર છે. રહાણે પણ ફ્લોપ રહ્યો છે. જો કે સુરેશ રૈનાએ સદી ફટકારી ભારતની આશા વધારી છે. બીજી બાજુ હવે ઈંગ્લેન્ડ પર જીત માટેનુ દબાણ વધી ગયું છે. જેથી તેઓ વધારે સાવધાનીપૂર્વકની રમત રમે તેવી શક્યતા છે. ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમની પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીમાં કારમી રીતે હાર થઈ હતી. ઈંગ્લેન્ડે ઘરઆંગણે પાંચ ટેસ્ટ મેચોની શ્રેણી ૩-૧થી જીત લીધી હતી. આવી સ્થિતીમાં ભારતીય ટીમ પર ખુબ દબાણ છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેનોના દેખાવથી ચાહકો નાખુસ પણ છે. જો કે સુરેશ રૈનાએ નવી આશા જગાવી છે. આવતીકાલે નોટિંગ્હામ ખાતે ત્રીજી વનડે મેચ જ રોમાંચક બની શકે છે. એકબાજુ ભારતીય ટીમ પર દેખાવ સુધારવા માટે દબાણ છે.

# કોલગેટ-બિરલા સામે કેસમાં અંતે ક્લોઝર રિપોર્ટ રજૂ થયો

**ઉદ્યોગપતિ કુમારમંગલમ બિરલાને રાહત : પહેલી સપ્ટેમ્બરના દિવસે ક્લોઝર રિપોર્ટ વિચારણા માટે હાથ ધરાશે : કોર્પોરેટ જગતમાં નવી ચર્ચાનો દોર યથાવત**

નવીદિલ્હી, તા. ૨૯

ટોચના ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા અને અન્યોને મોટી રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં સીબીઆઈએ ખાસ અદાલતમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કરી દીધો છે. કોલસા બ્લોક ફાળવણી કૌભાંડ કેસો પૈકીના એકમાં તેની એફઆઈઆરમાં આરોપી તરીકે કુમારમંગલમ બિરલા અને અન્યોના નામનો ઉલ્લેખ હતો. સીબીઆઈએ કોર્ટને કહ્યું હતું કે, તેની સમક્ષ આ કેસ સાથે સંબંધિત કેટલાક દસ્તાવેજ રજૂ કરશે ત્યારબાદ ખાસ સીબીઆઈ જજ ભારત પરાસરે પહેલી સપ્ટેમ્બરના દિવસે વિચારણા માટે ક્લોઝર રિપોર્ટને હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. ક્લોઝર રિપોર્ટ ગુરુવારના દિવસે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.



બિરલા અને ભૂતપૂર્વ કોલસા સચિવ પીસી પારેખ સામે એફઆઈઆર સીબીઆઈ દ્વારા ગયા વર્ષે ઓક્ટોબરમાં રજૂ કરવામાં આવી હતી જેમાં એવો આક્ષેપ કરાયો હતો કે, પારેખે હિન્ડાલ્કોને કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવાનો નિર્ણય અનામત રાખ્યો હતો. તાલાબિરા-૨ અને તાલાબિરા-૩ કોલસા બ્લોકના બ્લોકની ફાળવણી સાથે સંબંધિત એફઆઈઆરમાં અનેક આક્ષેપો કરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન સીબીઆઈએ એવું શોધી કાઢ્યું હતું કે, પારેખ તરફથી કોઈપણ ભુલ રહી ન હતી. હિન્ડાલ્કોને કોલસા બ્લોકની ફાળવણીમાં કોઈ ગેરરીતિ પણ થઈ ન હતી. તેની એફઆઈઆરમાં તપાસ સંસ્થાએ આક્ષેપ કર્યો હતો કે, પારેખના નેતૃત્વમાં ૨૫મીની સ્ક્રીનિંગ કમિટિની બેઠક દરમિયાન હિન્ડાલ્કો અને ઈન્ડાલ ઈન્સ્ટ્રીની અરજીઓને ફગાવી દેવામાં આવી હતી. સ્ક્રીનિંગ કમિટિની ભલામણોના આધાર પર કોલસા બ્લોકની ફાળવણી જાહેર ક્ષેત્રની બે કંપની મહાનદી કોલ ફિલ્ડ અને નેવેલી લિગ્નાઈટ કોર્પોરેશનને કરવામાં આવી હતી. બિરલાને આખરે મોટી રાહત થઈ છે. ઉદ્યોગપતિનું નામ એફઆઈઆરમાં આવતા કોર્પોરેટ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો હતો.